# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 09-03-2026** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **યશવી મહેતા** વાંચે છે.

---

(સમાચારને અંતે)

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

---------------------------------------------------------------------

આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

(હવે પછી આપ સાંજે સાત વાગીને દસ મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો.)

(CLOSING MUSIC)

# BJP KENDRIYA NIRIKSHAK

ભારતીય જનતા પાર્ટીએ આગામી રાજ્યસભા ચૂંટણી માટે કેન્દ્રીય નિરીક્ષકોની નિયુક્તિ કરી છે. તે મુજબ, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીને હરિયાણાની જવાબદારી સોંપવામાં આવી છે.

# ZAVERCHAND MEGHANI

રાષ્ટ્રીય શાયર અને લોકસાહિત્ય શિરોમણી ઝવેરચંદ મેઘાણીજીની આજે પુણ્યતિથિ છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સહિતના મહાનુભાવોએ તેમને શ્રદ્ધાંજલિ પાઠવી છે. શ્રી પટેલે સોશિયલ મીડિયા સંદેશમાં લખ્યું કે, કસાયેલી કલમે રચેલી અપ્રતિમ કૃતિઓ દ્વારા ઝવેરચંદ મેઘાણીએ ગુજરાતના શૌર્ય, ત્યાગ અને સંસ્કૃતિને જીવંત રાખી છે. તેમની કલમમાં રહેલો ખુમાર પ્રત્યેક ગુજરાતીના હૃદયમાં માતૃભૂમિ પ્રત્યેના ગૌરવની જ્યોતને સદાય પ્રજ્વલિત રાખશે.

# COURT BOMB THREAT

અમદાવાદ સ્થિત ગુજરાત વડી અદાલત અને શહેરના  નવરંગપુરામાં આવેલી ગ્રામ્ય કોર્ટને બોમ્બથી ઉડાવવાની ધમકી મળી છે. ધમકી મળતા નવરંગપુરા પોલીસ અને સોલા પોલીસ તેમજ  બોમ્બ સ્ક્વોર્ડ અને ડોગ સ્ક્વોર્ડે ગ્રામ્ય કોર્ટમાં તપાસ કરી હતી. બંને કોર્ટને ધમકી મળતા કોર્ટ પરિસર માંથી તમામ વકીલ અને પક્ષકારોને બહાર મોકલી દેવામાં આવ્યા હતા અને કોર્ટને ખાલી કરી દેવાઇ હતી. આ તપાસ દરમિયાન અત્યાર સુધી કોઇ શંકાસ્પદ વસ્તુ મળી ન હતી.

# MEHSANA UNJHA MARKET YARD

મધ્ય-પૂર્વમાં યુદ્ધની સ્થિતિની અસર મહેસાણામાં ઊંઝા માર્કેટિંગ યાર્ડમાં પણ જોવા મળી રહી છે. યાર્ડમાં મસાલાની નિકાસમાં અવરોધ આવતા સ્થાનિક બજારમાં સામાનનો ભરાવો થયો છે. વેપારીઓને દરિયાઈ માર્ગમાં સામાનના વહનના ભાડા તેમજ વીમામાં પણ વધારો કરાતા વેપારીઓમાં ચિંતા જોવા મળી રહી છે.

# PHYSICAL RESEARCH LAB

અમદાવાદમાં ભૌતિક સંશોધન પ્રયોગશાળા – PRL દ્વારા આજથી આગામી 13 તારીખ સુધી યુવા સંશોધક માટે કન્ડેન્સ્ડ મેટર ફિઝિક્સ પર રાષ્ટ્રીય કાર્યશાળા યોજાઈ. પાંચ દિવસના કાર્યક્રમમાં દેશની વિવિધ પ્રતિષ્ઠિત સંસ્થાઓના નિષ્ણાતો યુવાનોને માર્ગદર્શન આપશે. આધુનિક ક્વૉન્ટમ કન્ડેન્સ્ડ-મેટર ફિઝિક્સના મુખ્ય ખ્યાલ અને પાયાના સૈદ્ધાંતિક સાધનોનો વ્યાપક પરિચય આપવાના હેતુસર આ કાર્યશાળાનું આયોજન કરાયું છે.

આ કાર્યક્રમમાં ટૉપોલૉજી ઇન નૉન–ઇન્ટરેક્ટિંગ સિસ્ટમ્સ, સેમિ-ક્લાસિકલ ટ્રાન્સપૉર્ટ થિઅરી, ધ ક્વૉન્ટમ હૉલ ઇફેક્ટ, ગ્રીન્સ ફન્ક્શન્સ અને મેની-બૉડી ફિઝિક્સ તથા સુપર-કન્ડક્ટિવિટીની થિયરી જેવા મહત્વના વિષય આવરી લેવાશે.

# VIDYAPITH SAMVAD PROG

ગૂજરાત વિદ્યાપીઠના મહિલા વિકાસ એકમ – WDC દ્વારા આંતર-રાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે આપણો સંવાદ કાર્યક્રમ યોજાયો. તેમાં સાચો નારીવાદ અને નાગરિક સંસ્કાર, સશક્ત યુવાનો માટે કૌશલ્ય વર્ધન તથા મહિલા આરોગ્ય જાગૃતિ દ્વારા સ્વસ્થ સમાજનું નિર્માણ જેવા વિષય પર ચર્ચા કરવામાં આવી. ગિવ ટૂ ગેઇનના અભિગમ સાથે યોજાયલા કાર્યક્રમમાં વક્તાઓએ આધુનિક મહિલાઓ સમક્ષ સમાન તક માટેના પડકાર અને ડિજિટલ યુગમાં ઉચ્ચ શિક્ષણની નવી તક અંગે માર્ગદર્શન આપ્યું.

# GNR ARJUN MODHVADIA

વિજ્ઞાન અને ટેક્નોલૉજી મંત્રી અર્જુન મોઢવાડિયાએ કહ્યું, વિશ્વમાં બદલાતા પ્રવાહની સાથે સંશોધન અને વિકાસ ક્ષેત્રમાં યુનિવર્સિટીઝની ભૂમિકા અગત્યની છે. ગાંધીનગરમાં રાજ્યમાં વિજ્ઞાન, ટૅક્નોલૉજી અને નવિનતા ઇકોસિસ્ટમને વધુ મજબૂત બનાવવા પહેલી વાર યોજાયેલી વાઈસ સાન્સેલર મિટને સંબોધતા શ્રી મોઢવાડિયાએ આ વાત કહી હતી.

વધુમાં તેમણે કહ્યું, ગુજરાતમાં વર્ષ 2003માં પહેલી વાર વિજ્ઞાન અને ટેક્નોલૉજી વિભાગની રસના કરવામાં આવી હતી. તેના પરિણામે આજે આ વિભાગ અંતર્ગત વિજ્ઞાન અને ટૅક્નોલૉજી ક્ષેત્રે અનેક નવા સંશોધન હાથ ધરાઈ રહ્યા છે.

સેમિ-કન્ડક્ટર ક્ષેત્રે ગુજરાત દેશનું કેન્દ્ર બનવા જઈ રહ્યું છે. તેની પાછળ સંશોધન અને વિકાસ અગત્યની ભૂમિકા ભજવશે તેવો વિશ્વાસ પણ શ્રી મોઢવાડિયાએ વ્યક્ત કર્યો હતો.

# MAHISAGAR  BHARTI  MELO

મહીસાગર જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા જિલ્લાકક્ષાનો ઔદ્યોગિક રોજગાર ભરતી મેળો અને સ્વરોજગાર માર્ગદર્શન શિબિર યોજાઈ. ડૉ બાબા સાહેબ આંબેડકર ભવન મોટા સોનેલા ખાતે યોજાયેલા કાર્યક્રમમાં એક હજાર 300 જેટલી જગ્યાઓ પર ભરતી કરવા 13 જેટલા નોકરીદાતા ઉપસ્થિત રહ્યા હતા.

ભરતી મેળામાં ધોરણ 10 પાસ, ધોરણ 12 પાસ, ડિપ્લોમા, I.T.I. તથા સ્નાતક 18થી 35 વર્ષની  વય વય ધરાવતા અનુભવી અને બિન-અનુભવી ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારની તક આપવા ઇન્ટરવ્યૂ પ્રક્રિયા હાથ ધરાઈ હતી.